ઉ

ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં
અને વિકાસ નિગમની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦૨૦૧૭/૮૦૯૪૩/ન.બા.૧૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૦/૦૨/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭/૦૫/૨૦૧૭નો ઠરાવ.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૬/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૭/ ૪૯૭૯૭૬/છ.૧.

(3) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૭/૦૧/૨૦૨૦નો પત્ર નં.મકમ/હંગામી જગ્યા/૨૦૨૦/૫૯.

આમુખ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની રચના કરવા બાબતેના મહેકમ બાબતે વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૧૬/૧૨/૨૦૧૯ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે તેમજ નિગમના આર્ટીકલ્સ ઓફ એસોશિયેશન અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન બહાર પાડવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૭/૦૫/૨૦૧૭ના ઠરાવથી ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમમાં મંજૂર થયેલ અને એબેયન્સમાં ગયેલ કુલ-૪ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા બાબતની વંચાણે લીધેલ ક્રમાંક (3) પરના તા.૦૭/૦૧/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગર દ્વારા ક્રમાંક (3) પરના તા.૦૭/૦૧/૨૦૨૦ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને અને વિકાસ નિગમની નીચેના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની ક્રમ નં.૧ થી ૪ની એબેયન્સમાં ગયેલ કુલ-૪(ચાર) જગ્યાઓને એબેયન્સમાં રાખવાની શરતે તા.૨૮/૦૨/૨૦૨૧ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | સંખ્યા | પગારધોરણ |
|---|---|---|---|---|
| ૧ | મેનેજીંગ ડીરેકટર | ૧ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦<br>ગ્રેડ પે-૭૬૦૦ |
| ૨ | સમાજ સુરક્ષા અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૩ | હિસાબી અધિકારી | ૨ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦<br>ગ્રેડ પે ૪૬૦૦ |
| ૪ | સીનીયર કલાર્ક | ૩ | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦<br>ગ્રેડ પે-૨૪૦૦ |

આ મંજૂરી વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રી (સા.ન્યા.)ની તા.૧૮/૦૨/૨૦૨૦ની નોંધ તથા અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ની તા.૧૯/૦૨/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.